# આમુખ

જીવન વિકાસ માટેના શિક્ષણનાં ત્રણ મહત્ત્વનાં કૌશલ્યો એટલે વાચન, લેખન અને ગણન. આ ત્રણેય કૌશલ્યો અંગે આપણા રાજ્યની સરકારી પ્રાથમિક શાળાઓમાં ભણતાં બાળકોનું સિધ્ધિસ્તર કેવું છે એ જાણવાનો પ્રયત્ન આપણે છેલ્લા ત્રણ વર્ષથી યોજાતા ગુણોત્સવ અંતર્ગત કરી રહ્યા છીએ. ઉત્તરોત્તર આપણી સ્થિતિ સુધરી રહી હોવા છતાં હજી પણ કેટલાંક બાળકો એવાં રહી ગયાં છે જેમને એમની વયકક્ષા મુજબનું વાચન કરવામાં તકલીફ પડે છે. પ્રાથમિક શિક્ષણ પૂરું કરીને સમાજમાં આવતા નાગરિકને વિવિધ પ્રકારની જાણકારી મેળવવા અથવા આગળ અભ્યાસ કરવા માટે પણ સારું વાંચતાં આવડે એ અનિવાર્ય પૂર્વશરત છે. બાળકો પોતાની વયકક્ષા મુજબનું વાંચી શકે એ પ્રકારનું શિક્ષણ આપવા માટે શિક્ષકો દ્વારા અનેકવિધ પ્રયાસો થઇ રહ્યા છે. આ પ્રયાસોને બિરદાવવા અને જ્યાં જરૂર લાગે ત્યાં શિક્ષકોને અને બાળકોને મદદરૂપ થવા વાચન પર્વનું આયોજન કર્યું છે.

આપણી શાળામાં બાળકને ભણવા માટે મોકલનાર વાલી અને સમગ્ર સમાજ એટલી અપેક્ષા તો રાખે જ કે બાળકો વાંચી-લખી શકે. વાલી અને સમાજની આ તદ્દન વાજબી અપેક્ષા પૂર્ણ કરવાની જવાબદારી શિક્ષણતંત્ર તરીકે આપણા સૌની છે તેથી જ વાચન પર્વનું અમલીકરણ આપણા સૌના સહિયારા પ્રયાસોથી હાથ ધરવામાં આવ્યું છે.

વાચન પર્વ બાદ થર્ડ પાર્ટી દ્વારા થનારું મૂલ્યાંકન આપણા સૌનો ઉત્સાહ વધારનારું જ હશે એવી અપેક્ષા છે. આ માટે, શાળાથી લઇને રાજ્ય સ્તરના કોઇપણ કર્મચારી/અધિકારીની અકર્મણ્યતા કે બેદરકારીને લીધે એક પણ બાળક વાચનમાં કાચું ન રહી જાય તેની તકેદારી રાખીને આપણે સૌ સતત જાગૃતિપૂર્વકના પ્રયાસો કરીશું તો આપણને આત્મસંતોષ મળશે અને સાર્થકતાનો અનુભવ થશે. આવો વાચન પર્વ નિમિત્તે આપણાં બાળકોની વાચન ક્ષમતા વધારવાના કાર્યમાં અને એ દ્વારા એ બાળકોની ભાવિ જિંદગીને બહેતર બનાવવાના આ યજ્ઞકાર્યમાં જોડાઇએ...

અગ્રસચિવ -પ્રા.શિ                    અગ્રસચિવ-શિક્ષણ

શિક્ષણ વિભાગ

ગુજરાત સરકાર

# અનુક્રમણિકા


૧. આયોજન અને અમલીકરણ........................................................૧

૧.૧ પ્રાસ્તાવિક........................................................૧

૧.૨ લક્ષ્યજૂથ........................................................૧

૧.૩ સમયગાળો........................................................૨

૧.૪ દૈનિક સમયગાળો........................................................૨

૧.૫ અમલીકરણની વ્યૂહરચના........................................................૨

૧.૬ કોણ કોણ જોડાશે? ........................................................ ૩

૧.૭ પ્રચાર-પ્રસાર........................................................ ૩

૧.૮ બાળકોની હાજરી ........................................................ ૪

૨. અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા અને સામગ્રી........................................................ ૫

૨.૧ બાળક કેવી રીતે શીખે છે ........................................................ ૫

૨.૨ અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા........................................................૬

૨.૩ સરળ પગલાં.... ........................................................ ૭

૨.૪ મુખ/મુખર વાચન (મોટેથી વાંચવું)........................................................૧૫

૨.૫ જૂથ કાર્ય અને સહપાઠી અધ્યયન........................................................૧૫

૨.૬ દૈનિક પુનરાવર્તન........................................................૧૬

૩. અધ્યયન-અધ્યાપન સામગ્રી ........................................................૧૭

૩.૧ ધોરણ ૧ અને ૨ નાં પાઠ્યપુસ્તકો અને શિક્ષક આવૃત્તિઓ................૧૭

૩.૨ અર્લી રીડર્સ ........................................................૧૭

૩.૩ દૃશ્ય શ્રાવ્ય સામગ્રી........................................................૧૮

૪. ગીત, વાર્તા, સર્જનાત્મક પ્રવૃત્તિઓ, તરાહની પ્રવૃત્તિઓ... ..........................૧૮

૫. હેન્ડ હોલ્ડિંગ અને મોનિટરિંગ ........................................................૧૯

# ૧. આયોજન અને અમલીકરણ

## ૧.૧ પ્રાસ્તાવિક

વ્યક્તિના સર્વાંગી વિકાસ માટેના શિક્ષણમાં વાચન કૌશલ્યનું ખૂબ જ મહત્ત્વ છે. ભાષા શિક્ષણ અંતર્ગત પ્રત્યાયન માટેનાં ચાર પ્રારંભિક કૌશલ્યો પૈકી શ્રવણ અને વાચન અર્થગ્રહણ માટેનાં તેમજ કથન અને લેખન એ અભિવ્યક્તિનાં કૌશલ્યો છે. અર્થગ્રહણનાં બે કૌશલ્યો પૈકી વાચન કૌશલ્ય શીખવવાની જવાબદારી શાળાની છે. ધોરણ ૧ થી જ વાચન માટેનું શિક્ષણ શરૂ થઇ જાય છે. ધોરણ ૧ માં મૂળાક્ષરોની ઓળખથી શરૂ થતું વાચન શિક્ષણ, વાચન અર્થગ્રહણ સુધી વિકસે છે.

સમગ્ર વિશ્વમાં વાચન શિક્ષણ અંતર્ગત થયેલા નાવીન્યપૂર્ણ પ્રયોગો અને સંશોધનોને આધારે અધ્યયન અધ્યાપન પ્રક્રિયા અને અન્ય અધ્યયન સામગ્રી વિકસાવવામાં આવે છે. અનુભવે સિધ્ધ થયેલી પ્રક્રિયા અને સામગ્રીના ઉપયોગ દ્વારા બાળકોને સારી રીતે વાંચતાં કરી શકાય છે. ધોરણ ૧ અને ૨ નાં પ્રવર્તમાન પાઠ્યપુસ્તકો આધારિત શિક્ષક આવૃત્તિઓમાં વાચન શિક્ષણની પધ્ધતિ, પ્રયુક્તિઓ તથા સામગ્રી અંગે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું છે. આ શિક્ષક આવૃત્તિના ઉપયોગ દ્વારા શિક્ષણકાર્ય કરવામાં આવે તો બાળકો સારી રીતે વાચન શીખી શકે એમ છે. આ શિક્ષક આવૃત્તિઓમાં સૂચવવામાં આવેલ પધ્ધતિ, પ્રયુક્તિ અને સામગ્રીને સંક્ષિપ્ત રીતે આ માર્ગદર્શિકામાં સમાવિષ્ટ કરી છે. આ ઉપરાંત પણ કેટલીક વિશિષ્ટ બાબતોનો સમાવેશ આ માર્ગદર્શિકામાં કર્યો છે.

રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા હાથ ધરાનાર વાચન પર્વ એ આપણો સામૂહિક કાર્યક્રમ છે. આ કાર્યક્રમને મહત્તમ અસરકારકતા પ્રદાન કરવા માટે આપણા સૌના જવાબદારી પૂર્વકના પ્રયાસો અનિવાર્ય છે.

વાચન પર્વના આયોજન અંગે નીચે મુજબની બાબતો ધ્યાનમાં રાખવી.

## ૧.૨ લક્ષ્યજૂથ

અગાઉ જણાવ્યા મુજબ વાચન પર્વ અંતર્ગત આપણું લક્ષ્ય જૂથ જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ, નગર શિક્ષણ સમિતિ, મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડ અને ટ્રસ્ટ/મંડળ સંચાલિત અનુદાનિત તમામ પ્રાથમિક શાળાઓમાં ભણતાં ધોરણ ૨ થી ૫ નાં બાળકો છે.

વાચન પર્વ અંતર્ગત ધોરણ ૨ થી ૫ માં ભણતાં બાળકો મુખ્યત્વે બે પ્રકારનાં છે તેથી આપણું લક્ષ્યજૂથ પણ બે વિભાગમાં વહેંચાયેલું છે.

૧. સારી રીતે વાંચી શકે છે તેવાં બાળકો અને

૨. સારી રીતે વાંચી શકતાં નથી તેવાં બાળકો

ઉપરોક્ત બન્ને પૈકી આપણું મુખ્ય ધ્યાન જૂથ-૨ પર એટલે કે સારી રીતે વાંચી શકતાં નથી તેવાં બાળકો પર છે. આ બાળકોના વાચન શિક્ષણ માટે જૂથ -૧ નાં બાળકોની પણ મદદ લેવાશે તેમજ તેમને ઇતર વાચનની પ્રવૃત્તિઓ કરાવવામાં આવશે.

## ૧.૩ સમયગાળો

આ અગાઉ જીસીઇઆરટી દ્વારા વર્ષ ૨૦૦૪ માં વાચન, લેખન, ગણન અભિવૃધ્ધિ અભિયાન ૧૫ દિવસ માટે હાથ ધરવામાં આવ્યું હતું. છેલ્લાં ત્રાણેક વર્ષથી ગુણોત્સવના અનુકાર્ય તરીકે વાચન, લેખન અને ગણન માટે સર્વ શિક્ષા અભિયાન દ્વારા હાથ ધરવામાં આવતા કાર્યક્રમનો સમયગાળો ત્રાણ માસનો રાખવામાં આવે છે. વાચન પર્વ માટે **એક માસનો સમયગાળો** રાખવામાં આવ્યો છે. આ એક માસ દરમ્યાન દરરોજ બે કલાક વાચન શિક્ષણનું જ કામ કરવાનું છે. ભાષા શિક્ષણના તજજ્ઞો ચોક્કસપણે માને છે કે દરરોજ બે કલાકનું સઘન શિક્ષણ કાર્ય વાચન શિક્ષણ માટે પૂરતું છે.

## ૧.૪ દૈનિક સમયગાળો

વાચન પર્વ અંતર્ગત **દરરોજ દિવસની શરૂઆતના બે કલાક** ધોરણ ૨ થી ૫ ના વર્ગમાં વાચન શિક્ષણની પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવશે. દરેક વર્ગશિક્ષકે આ બે કલાક દરમ્યાન માત્ર વાચન શિક્ષણનું કાર્ય હાથ ધરવું. બાકીના વિષયો કે વિષયવસ્તુનું શિક્ષણ કાર્ય અથવા અન્ય કામગીરી વાચન પર્વ સિવાયના સમયમાં કરવી.

વાચન પર્વ દરમ્યાન બાળકોની કસોટીઓ આધારિત ગુણ વગેરે જેવી આંકડાકીય માહિતી મંગાવવામાં આવતી નથી. શિક્ષક પોતાની જરૂરિયાત મુજબ આવી માહિતી નિભાવી શકશે. પરંતુ આ બે કલાકના સમય દરમ્યાન અન્ય કોઇ પણ કામગીરી ન કરવી.

## ૧.૫ અમલીકરણની વ્યૂહરચના

વાચન પર્વનું અમલીકરણ એક સાથે સમગ્ર રાજ્યની તમામ શાળાઓમાં થનાર છે. દરેક વર્ગશિક્ષક અને મુખ્યશિક્ષક દ્વારા આ માર્ગદર્શિકાનું પાલન કરવામાં આવે તે જરૂરી છે. આ માર્ગદર્શિકામાં સૂચવ્યા ઉપરાંતની વિવિધ પધ્ધતિ-પ્રયુક્તિઓ હાથ ધરી શકાશે.

અભિયાનની શરૂઆતના બે દિવસ દરમ્યાન દરેક શિક્ષકે પોતાના વર્ગનાં તમામ બાળકોના વાચન કૌશલ્યનું મૂલ્યાંકન કરવું. આ નિદાનાત્મક મૂલ્યાંકન દ્વારા દરેક બાળકની વિશિષ્ટ જરૂરિયાત જાણવી અને એના આધારે દરેક બાળકનું વ્યક્તિગત રીતે ઉપચારાત્મક કાર્ય હાથ ધરવું.

બાળકો મૂળાક્ષર, શબ્દ અને વાક્ય વાચન સારી રીતે કરી શકે ત્યારબાદ બાળકોને ઇતર વાચન કરાવવું. તેમજ આવાં બાળકોની મદદથી બાકીનાં બાળકોને વાચનનો મહાવરો કરાવવો.

શાળાના મુખ્યશિક્ષકે નિયમિત રીતે જે તે વર્ગશિક્ષકો સાથે ચર્ચા કરીને વાચન પર્વ અંગે થયેલી રોજેરોજની કામગીરીની સમીક્ષા કરવી.

વાચન પર્વની માર્ગદર્શિકા દરેક શિક્ષકને મળે એ રીતે ડાયેટ દ્વારા કેળવણી નિરીક્ષક, બીઆરસી-સીઆરસી કો-ઓર્ડિનેટર્સ તથા બ્લોક રિસોર્સ પર્સન્સ દ્વારા દરેક શિક્ષક સુધી પહોંચાડવામાં આવશે. મોનિટરિંગ અને હેન્ડ હોલ્ડિંગ દરમ્યાન આ પરિપત્ર તેમજ માર્ગદર્શિકાની ઉપલબ્ધતા તથા ઉપયોગ વિશે પણ જોવામાં આવશે.

## ૧.૬ કોણ કોણ જોડાશે?

વાચન પર્વનું અંતિમ લક્ષ્યજૂથ ધોરણ ૨ થી ૫ નાં બાળકો છે. આ બાળકોને મદદ કરવા માટે વર્ગશિક્ષકો, શાળાના મુખ્ય શિક્ષક તેમજ સીઆરસી-બીઆરસી કો-ઓર્ડિનેટર્સ તેમજ તાલુકાથી લઇ રાજ્યકક્ષા સુધીના અધિકારી/કર્મચારી વાચન પર્વમાં પોતાની ભૂમિકા અદા કરશે. આ ઉપરાંત શાળા વ્યવસ્થાપન સમિતિ (એસ.એમ.સી)નાં સભ્યો, વાલીઓ, ગામના પ્રાથમિક શિક્ષણમાં રસ લેતાં નાગરિકો તથા સમગ્ર સમુદાય આ પર્વમાં જોડાશે અને બાળકો સારી રીતે વાંચતાં શીખી શકે એ માટે મદદ કરશે.

વાચન પર્વની શરૂઆતમાં શાળા કક્ષાએ એસ.એમ.સી. ની સાથે તમામ વાલીઓની બેઠક બોલાવવી. આ બેઠક/સંમેલનમાં વાલીઓને વાચન પર્વ વિશે માહિતગાર કરવા. શક્ય હોય તો આ બેઠકમાં સીઆરસી-બીઆરસી કો-ઓર્ડિનેટર્સ, બ્લોક રિસોર્સ પર્સન્સ, કેળવણી નિરીક્ષક, ડાયેટ વ્યાખ્યાતા પૈકી કોઇકને ઉપસ્થિત રાખવા.

## ૧.૭ પ્રચાર-પ્રસાર

વાચન પર્વ માત્ર શાળાનો કાર્યક્રમ ન બની રહે પરંતુ જનચેતનાનું એક સામુહિક અભિયાન બને એ માટે એનો પ્રચાર પ્રસાર થવો ખૂબ જરૂરી છે. આ માત્ર સરકારી કાર્યક્રમ ન બની રહેતાં સામુદાયિક સ્તરે આ પર્વ વિશેની જાણકારી મળે તો સમાજની શાળા માટેની શ્રદ્ધા વધશે. વાચન પર્વ નિમિત્તે સમુદાયનાં લોકો શિક્ષણ માટે પ્રેરિત થાય તે હેતુસર પ્રચાર-પ્રસાર માટે રાજ્ય કક્ષાએથી માધ્યમો દ્વારા થનારા પ્રયત્નો ઉપરાંત જિલ્લા, તાલુકા અને ગ્રામ કક્ષાએ પણ પ્રયાસો હાથ ધરવા. આ માટે નીચેના જેવાં સૂત્રો જાહેર સ્થળોએ લખાવવાં તેમજ શાળામાં પ્રાર્થના સમયે બોલાવવાં.

- **વાંચીને વિકસીએ**
- **વાચન વિકાસ તો જ્ઞાન વિકાસ**
- **સારુ વાંચે એ સૌને પહોંચે**
- **ચાલો વાંચીએ, આગળ વધીએ**
- **વાચન પર્વ, વાંચે સર્વ**
- **વાંચે સૌ, વિકસે સૌ**
- **વાંચીએ, વિચારીએ, વિકસીએ**

## ૧.૮ બાળકોની હાજરી

કેટલીકવાર શિક્ષકના પ્રયાસો છતાં પણ બાળકોની અનિયમિતતાને લીધે બાળકો સારી રીતે શીખી શકતાં નથી. વાચન પર્વ દરમ્યાન શાળામાં બાળકોની મહત્તમ હાજરી રહે તેવા પ્રયાસો કરવા. આ માટે શિક્ષકો ઉપરાંત એસ.એમ.સી. નાં સભ્યો, વાલીઓ, સ્થાનિક આગેવાનો વગેરેની મદદ લેવી.

સ્થળાંતર જેવાં અનિવાર્ય કારણો સિવાય કોઇ બાળક ગેરહાજર ન રહે તે સુનિશ્ચિત કરવું. જરૂર જણાયે શાળા સમય બાદ અનિયમિત બાળકોના વાલીઓનો સંપર્ક કરી, બાળકોની હાજરી વધારવા પ્રયાસ કરવા.

# ૨. અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા અને સામગ્રી

બાળકના શિક્ષણમાં સૌથી અગત્યનો ભાગ અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા ભજવે છે. અધ્યયન અધ્યાપન પ્રક્રિયા યોગ્ય હોય તો કોઇ પણ બાળક પોતાના સ્તર મુજબ સંકલ્પનાઓ અને કૌશલ્યો શીખી શકે છે. દરેક બાળકની શીખવાની પધ્ધતિ અને ગતિમાં વિવિધતા હોય છે. શિક્ષક માટે એ જાણવું અનિવાર્ય છે કે કયા બાળક માટે કઇ પધ્ધતિ-પ્રયુક્તિ યોગ્ય છે. આ પ્રકરણમાં અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા, વાચન શિક્ષણનો ક્રમ, બાળકો માટેની નિદાન કસોટીઓ વગેરે અંગે વાત કરવામાં આવી છે.

## ૨.૧ બાળક કેવી રીતે શીખે છે?

આપણે જાણીએ છીએ કે આપણી બધી જ જ્ઞાનેન્દ્રિયો દ્વારા આપણે નવી નવી બાબતો શીખતાં હોઇએ છીએ. બાળકો પણ બધી જ જ્ઞાનેન્દ્રિયોના અનુભવથી શીખે છે. કોઇપણ એક જ્ઞાનેન્દ્રિયને લગતું વધુ પડતું શિક્ષણકાર્ય બાળક માટે નીરસ બની રહે છે. આપણી અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા એવી હોવી જોઇએ કે જેમાં બાળકને વિવિધ જ્ઞાનેન્દ્રિયના ઉપયોગની તક મળે અને એ રીતે બાળકનો શીખવાનો ઉત્સાહ ટકી રહે તેમજ બાળક નવું નવું શીખવા પ્રેરાય. બાળકોને શીખવા માટે પ્રેરિત કરવા માટે એ જાણવું જરૂરી બને છે કે બાળક કઇ કઇ રીતે શીખે છે. આ માટે નીચેની બાબતો ધ્યાનમાં રાખીએ.

*બાળક ...*

સાંભળીને શીખે છે

જોઇને શીખે છે

અનુકરણ દ્વારા શીખે છે

જાતે કરીને શીખે છે

મૂર્ત વસ્તુઓના ઉપયોગ દ્વારા શીખે છે

વિવિધ પ્રકારની અધ્યયન સામગ્રીના ઉપયોગ દ્વારા શીખે છે

સમૂહમાં બીજાં બાળકોની મદદથી શીખે છે

રસ પડે તેવી અથવા પડકારયુક્ત પ્રવૃત્તિઓ દ્વારા શીખે છે વગેરે...

આમ, બાળકની શીખવાની ઉપરોક્ત બાબતોને ધ્યાનમાં રાખીને વાચન પર્વ દરમ્યાન વર્ગખંડમાં અધ્યયન અનુભવો પૂરા પાડવા. એકની એક પધ્ધતિ કે સામગ્રીનો અતિરેક ન થાય તેનું ધ્યાન રાખવું.

## ૨.૨ અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા

વાંચતાં આવડવું એટલે લેખિત સામગ્રી વાંચીને તેનો અર્થ સમજવો. વાચન માટેની આ પ્રાથમિક સંકલ્પનાને ધ્યાનમાં રાખીને અધ્યયન-અધ્યાપન પ્રક્રિયાનું આયોજન કરવું. વાચન શિક્ષણની પધ્ધતિ-પ્રયુક્તિઓ અંગે નીચેનાં માર્ગદર્શક સૂચનોનો અમલ કરવો.

**દરેક શિક્ષક પૂર્વ સેવા તાલીમમાં અધ્યયન-અધ્યાપન પધ્ધતિ અને તેને સંબંધિત પ્રવૃત્તિઓ શીખે છે. આ ઉપરાંત દર વર્ષે યોજાતી શિક્ષક તાલીમ દરમ્યાન પણ દરેક શિક્ષકને પધ્ધતિ-પ્રયુક્તિઓ વિશે શીખવવામાં આવે છે. આ ઉપરાંત ધોરણ ૧ અને ૨ ની શિક્ષક આવૃત્તિમાં તથા તાલીમ દરમ્યાન આપવમાં આવેલી તાલીમ સામગ્રીમાં પણ આ બધી વિગતો હશે જ, તેથી તમારા માટે તો આ અગાઉ શીખેલી બાબતોનું પૂનરાવર્તન જ છે.**

વાચન પર્વની શરૂઆતના બે દિવસ દરમ્યાન દરેક શિક્ષકે પોતાના વર્ગનાં તમામ બાળકોના વાચન કૌશલ્યનું મૂલ્યાંકન કરવું. આ મૂલ્યાંકનના આધારે બાળકોનું વર્ગીકરણ કરવું. મૂલ્યાંકનના આધારે દરેક બાળકની મુશ્કેલીનું નિદાન કરવું અને દરેક બાળકની વ્યક્તિગત નોંધ રાખવી.

**યાદ રહે, વાચન પર્વ અંતર્ગત શાળાથી ઉપરના કોઇ સ્તરે બાળકોની સિધ્ધિ અંગેની આંકડાકીય માહિતીની જરૂરિયાત નથી. તેમ છતાં, શિક્ષકને પોતાને મદદ મળી રહે અને પોતાના કામની ફળશ્રુતિનું સ્વ-મૂલ્યાંકન શિક્ષક જાતે કરી શકે એ માટે શિક્ષક ઇચ્છે તો દરેક બાળકને એમના સ્તર મુજબના સ્તરમાં વર્ગીકૃત કરી શકે. આ વર્ગીકરણ ૦ થી ૧૦ ગુણના અંતરાલમાં પણ હોઇ શકે અથવા એ, બી, સી, ડી વગેરે જેવા ગ્રેડમાં હોઇ શકે અથવા ઘણું સારું, સારું, મધ્યમ વગેરે મુજબનું પણ હોઇ શકે. આવા કોઇ પણ વર્ગીકરણનો ઉપયોગ શિક્ષકે માત્ર પોતાના અધ્યાપન કાર્યમાં કરવાનો છે. શીખવાના સ્તર મુજબના વર્ગીકરણની જાણ બાળકોને ન કરવી.**

- વાચન કૌશલ્યના વિકાસ માટેની મૂળભૂત સામગ્રી ધોરણ ૧ અને ૨ નાં ભાષાનાં પાઠ્યપુસ્તકો આધારિત શિક્ષક આવૃત્તિમાં આપેલી છે. શિક્ષક આવૃત્તિમાં દર્શાવ્યા મુજબની વિવિધ સર્જનાત્મક પ્રવૃત્તિઓ, બાળગીત, અભિનય ગીત, વાર્તા, તરાહની પ્રવૃત્તિઓ વગેરેના ઉપયોગથી વાચન શિક્ષણ કરાવવું.

- મૂળાક્ષરોને પાઠ્યપુસ્તકમાં આપેલા ક્રમ મુજબ જ શીખવવા. કક્કા-બારાક્ષરીના ક્રમમાં વાચન શિક્ષણ ન કરાવવું. ધોરણ ૧ ના પાઠ્યપુસ્તકમાં જે ક્રમમાં મૂળાક્ષરો અને સ્વરસંજ્ઞાઓ (ા, ે, ો, િ, ી, ુ, ૂ, ૈ, ૌ વગેરે) આપવામાં આવેલ છે તે જ ક્રમમાં શીખવવું.

- જે તે મૂળાક્ષરોનું વાચન સ્વતંત્ર મૂળાક્ષર તરીકે ન કરાવતાં, આ મૂળાક્ષરો અને સ્વર સંજ્ઞાઓથી બનતા શબ્દો, વાક્યોનું વાચન કરાવવું.
- વાચન માટે હંમેશાં અર્થપૂર્ણ શબ્દો અને વાક્યોનો જ ઉપયોગ કરવો.
- મૂળાક્ષર આધારિત વાર્તાઓ અને ગીતોનો પૂરતો ઉપયોગ કરવો.
- વિશેષ જરૂરિયાતવાળા બાળકને શિક્ષક વાંચતાં શીખવે (દા.ત. મૂળાક્ષરની ઓળખ કરાવે) ત્યારબાદ આ બાળક બીજાં બાળકોની મદદથી મહાવરો કરશે. નિયત (અપેક્ષિત) મહાવરાને અંતે શિક્ષક જાતે એ ચકાસી લેશે કે આ બાળકને નિશ્ચિત મૂળાક્ષરોનું વાચન આવડી ગયું કે નહી. આમ, દરેક બાળક માટે મૂળાક્ષર પરિચય, સ્પષ્ટીકરણ તેમજ મૂલ્યાંકન વ્યક્તિગત રીતે શિક્ષકે કરાવવું. જે બાળકોને વાંચતાં આવડે છે તેમનો ઉપયોગ મહાવરા માટે કરવો.
- પ્રત્યેક બાળક રોજેરોજ કેટલું શીખે છે તેની નોંધ શિક્ષકે પોતાના માટે રાખવી. આ નોંધ અથવા માહિતીનો ઉપયોગ શિક્ષકે જાતે જ કરવાનો છે.

## ૨.૩ સરળ પગલાં....

આપણે જાણીએ છીએ કે આ અગાઉ વર્ષ ૨૦૦૪માં જીસીઇઆરટી દ્વારા વાચન, લેખન, ગણન અભિવૃધ્ધિ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ અભિયાનમાં રાજ્યભરમાંથી સારા પ્રતિભાવો મળ્યા હતા અને પરિણામો પણ ઉત્સાહજનક આવેલાં. વિશેષતઃ એ અભિયાન વખતે શિક્ષકોને આપવામાં આવેલી નિદાનાત્મક સામગ્રી માટે ખૂબ જ સારા પ્રતિભાવો મળેલા. આ સામગ્રી એટલે વાચન શિક્ષણ માટેના નિદાનકાર્ય માટે વપરાતાં ક્રમિક ૧૫ પગલાં....

વાચન શિક્ષણ માટેના પાઠ્યપુસ્તકમાં આપેલા ક્રમ મુજબ રચાયેલ આ પગલાંની વિશેષતા એ છે કે બાળકને કેવું અને કેટલું વાંચતાં આવડે છે એ તો જાણી જ શકાય છે ઉપરાંત બાળકને કયા મૂળક્ષરો કે સ્વરસંજ્ઞાઓ નથી આવડતી અને હવે પછી બાળકને શીખવવાની શરૂઆત કયા પગલાથી કરવી એનો પણ ખ્યાલ આવી જાય છે. ખૂબ જ સરળ રીતે તૈયાર કરવામાં આવેલાં પગલાં (મૂળાક્ષર મુજબ વાચન સામગ્રી) નીચે આપેલી છે. તેના ઉપયોગથી વાચન પર્વની શરૂઆતમાં શિક્ષકોએ જે નિદાનાત્મક કાર્ય કરવાનું છે તેમાં મદદ મળી રહેશે.

નીચે આપેલ ૧ થી ૬ વિભાગમાં આપેલા શબ્દો તમામ મૂળાક્ષરોને આવરી લે છે. સૌ પ્રથમ આ શબ્દો બાળકા પાસે વ્યક્તિગત રીતે મોટેથી વંચાવો. બાળકના મુખર વાચન દરમ્યાન શિક્ષકે સતત ધ્યાન રાખવું કે બાળક કયા શબ્દોના કયા અક્ષરોમાં ભૂલ કરે છે. આ ભૂલ નોંધીને જે તે બાળકને કયા મૂળાક્ષરો નવેસરથી શીખવવા પડશે એનો ખ્યાલ શિક્ષકને આવશે. એ મૂળાક્ષરો પૈકી જે મૂળાક્ષર ૧ થી ૧૫ પગલાંના જે પગલમાં આવતો હોય ત્યાંથી જે તે બાળકને શીખવવું. આખા વર્ગનાં બાળકો માટેની મુખરવાચનની સામગ્રી ૧ થી ૬ વિભાગમાં આપી છે.

| તમામ મૂળાક્ષરોને આવરી લેતા શબ્દો |
|---|

૧. અજગર, સફરજન, હળદર, શરબત, ઝટપટ, વડ, નખ, ભય, લખ, ઘર, પગ ન ઘસ, છગન, છત પર ચઢ, કમળ.

૨. દશરથ, નટવર, અઢળક, ઉધરસ, દલપત, બળતણ, ગરબડ, અચરજ, છગન, ફણસ, ઇયળ, યજ્ઞ, રક્ષણ,  હળ, અષાઢ.

૩. જળધારા, અપમાન, વાદળ, ઉતરાયણ, ફટાકડા, હાથપગ, ક્ષય, યજ્ઞ, અક્ષય, છાશ, આઠ, બસ, રાખ, ચણા, ઝરણ.

૪. અશક્ય, આઠ, જે, ચોર, કંઠ, રવિ, કીડી, બુધ, સુરત, વૈશાખ, દુ:ખ, ઔષધ, ઐરાવત, કૌશિક, કનૈયો.

૫. ઠગ, ઢગ, ધન, ઘાસ, ગજવું, દાળ, ડગલું, શાળા, તરાપો, બટન, અથાણું, ઠળિયો, છાસ, શાક, પોષણ.

૬. આસોપાલવ, આશાજનક, તળિયાઝાટક, ખાડા ટેકરા, મુશળધાર, બાળઉછેર, ગણેશ, ચાંદ, હાથ, અષાઢ, ઘનફળ, ઠળિયો, ભમરડો, ફળ.

ઉપરોક્ત શબ્દોના વાચન પછી શિક્ષક નક્કી કરશે કે કયાં બાળકોને શું અને કેટલું વાંચતાં આવડે છે. વાંચતાં નથી આવડતું તેવાં બાળકો માટે શિક્ષકોએ નીચે મુજબ કામ કરવું:

**દા.ત. પ્રથમ પગલું:**

૧. બોર્ડ પર મૂળાક્ષરો અને તેના શબ્દો : ન, મ, ગ, જ, નમ, મગજ, .......જનમ, મગ વગેરે લખો.

૨. શિક્ષક લખેલા મૂળાક્ષરોનો સમૂહ ઉચ્ચાર કરાવે : ન, મ, ગ, જ

તેમાં શબ્દોનો સમૂહ ઉચ્ચાર અને મૂળાક્ષરોની ઓળખ શિક્ષક કરાવે.

૩.  દૃઢીકરણ માટે ચાર-પાંચ વિદ્યાર્થી નેતા વડે ઉપર મુજબ કાર્ય કરો.

૪. મન, મગજ....શબ્દોનું મુખર વાચન વિદ્યાર્થી કરે. તે જ પ્રમાણે દ, ર, સ, વ.....નું પગલું કરાવો.

૧ - ૨ ભેગું (ન, મ, ગ, જ, દ, ર, સ, વ) જામનગર, વાસદ... તમામ શબ્દો ઉપર પ્રમાણે કરાવો અને શબ્દદીઠ મૂળાક્ષરોની ઓળખ કરાવો અને સમૂહ ઉચ્ચાર કરાવો.(દ્રઢીકરણ માટે)

દાસ, નવ, મારગ, જા....નું મુખર વાચન કરાવી તપાસો. બધા શબ્દો સાચા વાંચનારને આવડ્યું એમ નક્કી થાય. ભૂલોવાળા વિદ્યાર્થીઓને પગલું ૧ - ૨ ફરી કરાવો.

ઉપરોક્ત કાર્યપદ્ધતિ પ્રમાણે નીચે કોષ્ટકમાં આપેલ ક્રમ(પગલાં)માં કામ કરાવવું.

| દિવસ | વિષયવસ્તુ | શબ્દો અને વાક્યો |
|---|---|---|
| ૧ | ન, મ, ગ, જ | ૧. મન, મગજ ૨.મગન જમ, નમન ૩. જગન, જનમ, મગ |
| ૨ | વ, ર, સ, દ ા (કાનો) | ૧. વરસાદ ૨. રસ, દવા ૩. સરદાર, વાર<br>૪. સરસ, દાવ ૫. વાસ, રસાદાર |
| ૩ | ન, મ, ગ, જ,<br>વ, ર, સ, દ, ા(કાનો) | ૧. જામનગર, વાસન ૨. વનરાજ, માન, સાદ<br>૩. જમાદાર, સાગ, વન ૪. ગાજર, વામન, દસ<br>૫. જરા, દાન, ગામવાસ ૬. નવ, વરસ, મગજ, દર<br>૭. દાસ, નવ, મારગ, જા |
| ૪ | ક, બ, અ, છ<br>િ (હ્રસ્વ ઇ) ી (દીર્ઘ ઈ) | ૧. બા આ કાકી છે. ૨. આ બે કાન છે.<br>૩. આ કબર છે. ૪. બા આ મામી છે.<br>૫. આજે રવિવાર છે. ૬. નદી, સાગર, કવિ |

| દિવસ | વિષયવસ્તુ | શબ્દો અને વાક્યો |
|---|---|---|
| ૫ | પ, ડ, ત, ણ, ે, ૈ | ૧. તાપ, તેની, પાડી ૨. કાપડ, તારણ<br>૩. આ માણસ પૈસાદાર છે. ૪. પાપડી, રણ<br>૫. તાવડી, પડે ૬. આ વૈદ દવા આપે છે. |
| ૬ | ક, બ, અ, છ, ી, િ,<br>પ, ડ, ત, ણ, ે, ૈ | ૧. બતક પડી છે. ૨. આ માણસ છે, તે પડે છે.<br>૩. બા, આ પાણી છે. ૪. આ કવિતા છે.<br>૫. આ મારા પિતાજી છે. ૬. મને પૈસા આપ.<br>૭. આ એક વૈદ છે. |
| ૭ | ન, મ, ગ, જ<br>દ, ર, સ, વ, ા (કાનો)<br>ક, બ, અ, છ, ી, િ,<br>પ, ડ, ત, ણ, ે, ૈ | ૧. મને કેરી આપ. ૨. વરસાદ પડે છે.<br>૩. કાબર પાણી પીવે છે. ૪. પૈસા મને ગમે છે.<br>૫. અમે તાપણી તાપીએ. ૬. પરબત કેરી આપ.<br>૭. જમના જાગી. ૮. અનિતા જમે છે.<br>૯. છગન રમત રમે છે. ૧૦. અમને નદી ગમે છે.<br>૧૧. આજે સરસ અવસર છે. |
| ૮ | લ, ટ, ચ, ખ, ો, ૌ | ૧. ચાર લખોટા ૨. લોટ ચોખા<br>૩. ચોખા, ખાટલો, ચૌદ ૪. ચકલી, ખોટી<br>૫. ટપાલો, ખીટી ૬. કૌરવ, મૌખિક |
| ૯ | ઝ, હ, ઘ, ળ, ુ (હ્રસ્વ ઉ) | ૧. આ હળ છે. ૨. બાળકો ઘર ઘર રમે છે.<br>૩. મૌલિક ઝટપટ રમવા જા. ૪. જળ એ જ જીવન<br>૫. સુઘરી, હુતુતુતુ, ઝાકળ ૬. ગાડી બોલે છુકછુક |

| દિવસ | વિષયવસ્તુ | શબ્દો અને વાક્યો |
|---|---|---|
| ૧૦ | લ, ટ, ચ, ખ, ો, ૌ<br>ઝ, હ, ઘ, ળ, ુ (હ્રસ્વ ઉ) | ૧. ચાલ ઝટ, ખા, હળ, ઘર ૨. ઝટ રન લે, ઘી ચાખ<br>૩. લખોટી, ઝળહળ, મૌલિક ઘરે ચાલ<br>૪. ચાલો, હોળી, રતનપુર ગામ છે. |
| ૧૧ | ન, મ, ગ, જ<br>દ, ર, સ, વ, ા (કાનો)<br>ક, બ, અ, છ, ી, િ<br>પ, ડ, ત, ણ, ે, ૈ<br>લ, ટ, ચ, ખ, ો, ૌ<br>ઝ, હ, ઘ, ળ, ુ (હ્રસ્વ ઉ) | ૧. જગત દવા લાવ ૨. ચૈતાલી વૈદ છે.<br>૩. વરસાદ બહુ પડે છે. ૪. મણિલાલ નાચે છે.<br>૫. મનોજ હળ ચલાવે. ૬. ગૌરવ, ઝગમગ આપ.<br>૭. ટપાલી ટપાલ લાવે છે. ૮. ખાજા ઘરે છે.<br>૯. હસુમતિ હસી. ૧૦. કાબર અનાજ ચણે. |
| ૧૨ | ભ, ય, ધ, ફ, ૂ (દીર્ઘ ઊ) | ૧. ભય, ફાનસ, ધરતી ૨. ભયાનક, ધૂન, ધરતી<br>૩. અભય, ધાર, ફળ, ફૂલ ૪. ફાયદો, ધરા, યાદગાર |
| ૧૩ | ઢ, ઠ, ઇ, ઈ | ૧. ઠગ, ઢગ, ઇલા, ઈસ ૨. મઠ, ઢગલો, ઇદ, ઈમાન<br>૩. ઇનામ, ઇયળ, આઠ, ઢેલ<br>૪. ઢોલા, રાઈ, ફોઇ, ઈમારત |
| ૧૪ | શ, થ, ઉ, ઊ, ં (અનુસ્વાર) | ૧. ઊંટ, ઉંદર, શાક, રથ ૨. ઉપાડ, ઊંઘ, થાક, શનિ<br>૩. ઉનાળો, ઊંડુ, થેલી, શંકર ૪. શિયાળો, થાળી, ઊઠવું, ઉખાણું<br>૫. નિશાળ, હાથી, ઉતાવળ, ઊંચાઇ |

| દિવસ | વિષયવસ્તુ | શબ્દો અને વાક્યો |
|---|---|---|
| ૧૫ | ભ, ય, ધ, ફ, (દીર્ઘ ઊ)<br><br>ઢ, ઠ, ઇ, ઈ<br><br>શ, થ, ઉ, ઊ, (અનુસ્વાર) | ૧. ઊધઇ, ઉપાય, ટાઢ, શેઠ, શોભા, ફેરિયો, યશોધરા, ધૂળ, ભૂખ, દૂધ<br><br>૨. ઊઠ, ભાઇ, ઊંધું, થશે, ઇયળ, ચઢ, ફાઇલ, ઈમાન<br><br>૩. ઇલા, શઠ, થવામાં, ભય છે. ઉધાર, ફોઇ, ટાઢ, થનગનાટ<br><br>૪. ઊંટ, ફૂંક, ઠંડી, ઈંડું, શંકર, ઉંદર, રંગ, જંગલ |

## જોડાક્ષરોવાળા શબ્દો

૧. દંડવાળા મૂળાક્ષરોથી બનતા જોડાક્ષરો:

દા.ત. કાવ્ય, શબ્દ, અબ્દુલ, એકલવ્ય, ખ્યાતિ, મગ્ન, વગેરે

૨. દંડ વગરના મૂળાક્ષરોથી બનતા જોડાક્ષરો:

દા.ત. ક્યાં, ક્યારે, કહ્યું, દોડ્યો વગેરે

૩. અન્ય જોડાક્ષરો:

જૂથ અ : પ્રકાશ, પ્રેમ, પ્રભાત
પત્ર, છત્ર, ત્રિવેદી
શ્રાપ, શ્રમ, શ્રાવણ
ચંદ્ર, દ્રવ્ય, દ્રાવણ
ટ્રક, મેટ્રિક, રાષ્ટ્રીય
ડ્રેસ, ડ્રોઈંગ, ડ્રોપ

જૂથ બ : વજ્ર,
કૃતજ્ઞ, સુકૃત,
ક્રમ, વિક્રમ
પર્વ, ગર્વ, સર્વ
મૃગ, મૃત
ક્ષમા, પરીક્ષા, જ્ઞાન, યજ્ઞ

જૂથ ક : શ્વાસ, શ્વાન, શ્વેત
સત્તર, ઉત્તર, અત્તર
પશ્ચિમ, નિશ્ચય,
પદ્મ, પદ્માસન
વિદ્વાન,
ઋષિ, ઋતુ, ઋણ,
સ્વતંત્ર

## મૂળાક્ષરોમાં વારંવાર થતી ભૂલો નિવારવા નીચે મુજબની કાર્યપદ્ધતિ અપનાવવી

ટ, ઠ, ઘ, ધ, ગ, દ, ડ, ળ, ત, ટ, થ, સ, શ, ષ જેવા મૂળાક્ષરોમાં વિદ્યાર્થીઓ ભૂલો કરતા જણાય છે.

| ઠ | ઢ | | ૧. બોર્ડ પર લખો. |
|---|---|---|---|
| ઠગ | ઢગ | ઠ ઢ.... | ૨. ઠ....જેઠ નો સમૂહ ઉચ્ચાર કરાવો. |
| આઠ | ટાઢ | | ૩. ઠ....જેઠ નો સમૂહ ઉચ્ચાર વિદ્યાર્થી નેતા પાસે કરાવો. |
| હોઠ | અઢાર | | ૪. વિદ્યાર્થી નેતા તેવા શબ્દો બોર્ડ પર લખે.<br>૫. તે જ રીતે ‘ઢ’ માટે છે. |
| જેઠ | ઢંગ | | ૬. દરરોજ ચાર પાંચ મૂળાક્ષરો લઇ તેનું પુનરાવર્તન કરો. ત્રણ દિવસમાં કામ પૂર્ણ થાય. |

ઉપર મુજબ નીચેના મૂળાક્ષરોનો પણ મહાવરો કરાવવો:

| ઠ | ઢ | ધ | ઘ | ગ | દ | ડ | ળ |
|---|---|---|---|---|---|---|---|
| ઠગ | ઢગ | ધજા | ઘર | ગરમ | દયા | ડગલું | શાળા |
| આઠ | ટાઢ | ધરમ | ઘાસ | ગજવું | દાળ | ડામર | નળ |
| હોઠ | અઢાર | ધન | ઘારી | ગામ | દશ | ડોલ | હળ |
| જેઠ | ઢંગ | ધરા | ઘરાક | ગાજર | દમ | દાડમ | નિશાળ |

| ત | ટ | થ | ઠ | સ | શ | ષ |
|---|---|---|---|---|---|---|
| તાપ | બટન | થડ | ઠળિયો | સગડી | શાક | પોષ |
| તપેલી | ટટ્ટુ | થાક | શેઠ | છાસ | શાળા | દોષ |
| તલવાર | ચાટ | થોભ | પાઠ | રસ | શરમ | પોષણ |
| તરાપો | નટ | અથાણું | પાઠક | સરસ | શનિ | ઋષિ |

- અર્થગ્રહણ માટે વિરામ ચિહ્નો- અલ્પવિરામ _ પૂર્ણવિરામ _ પ્રશ્નાર્થ ફકરાદીઠ મહાવરો કરાવો.
- ફકરાદીઠ નાના ચાર _ પાંચ -પ્રશ્નો બોર્ડ પર લખો. જેથી વાંચે, સમજે અને જવાબ શોધે. મૌખિક રજૂઆત કરાવો, એકાદ બે પ્રશ્નોના જવાબ લખવા આપો.
- અર્થગ્રહણ અનિવાર્ય છે. ગણિત, વિજ્ઞાન, સમાજિક વિજ્ઞાન જેવા અન્ય વિષયો માટે આ પાયો મજબૂત થવો જ જોઈએ.

મૂળાક્ષરોથી બનતા અને મૂળાક્ષર તેમજ જોડાક્ષરોના ઉપયોગથી બનતા શબ્દો સારી રીતે વાંચી શકતા અને સમજતા બાળકને સાદું વાચન આવડી ગયું છે તેમ કહેવાય.

આટલું સાદું વાચન આવડી ગયા પછી બાળકની વાંચવાની ઝડપ વધે અને બાળક વાંચેલું સમજતું થાય એ માટે ઇતર વાચનનો ભરપૂર મહાવરો કરાવવો. ઇતર વાચન માટે પાઠ્યપુસ્તકોમાં આપેલી સામગ્રી ઉપરાંત વાર્તાનાં પુસ્તકોનું વાચન કરાવવું બાળક પુસ્તકમાંથી વાર્તા વાંચે અને વાંચેલી વાર્તા બીજાં બાળકોને કહી સંભળાવે એવું આયોજન કરવું. ઇતર વાચન અને વાચન સંબંધિત અન્ય પ્રવૃત્તિઓ માટે સર્વ શિક્ષા અભિયાન દ્વારા આપવામાં આવેલી 'વાચન પર્વ' પુસ્તિકામાં આપેલી પ્રવૃત્તિઓ કરાવવી.

## ૨.૪ મુખ/મુખર વાચન (મોટેથી વાંચવું)

વાચન શિક્ષણમાં મુખર વાચનનું ખૂબ જ મહત્ત્વ છે. બાળક મુખર વાચન કરે એટલે શિક્ષકને એ ખ્યાલ આવે છે કે બાળક કયા અને કેવા શબ્દો કે અક્ષરો વાંચવામાં ભૂલ કરે છે અને બાળકની ભૂલની ખબર પડી જવાથી ત્વરિત રીતે એ સુધારી પણ શકાય છે. આ ઉપરાંત, મુખર વાચનને લીધે બાળકમાં ઉચ્ચારભાન કેળવાય છે. બાળક સાચા ઉચ્ચાર ન કરતું હોય તો શિક્ષક એને સાચા ઉચ્ચાર શીખવી શકે છે અને સાચા ઉચ્ચારથી જ અર્થગ્રહણ વિકસે છે. આમ, મુખર વાચન એ વાચન પર્વની મુખ્ય પ્રવૃત્તિ હોઇ વાચન પર્વ દરમ્યાન દરેક બાળકને મહત્તમ મુખર વાચન કરાવવું. આવી વાચન સામગ્રી દરેક બાળક માટે સમાન હોય તેનું ધ્યાન રાખવું. આવી સામગ્રી તરીકે પાઠ્યપુસ્તકોનો ઉપયોગ કરી શકાય. આ ઉપરાંત, બ્લેક બોર્ડમાં લખેલ શબ્દો, વાક્યો, પેરેગ્રાફ વગેરેનું બાળકો પાસે વ્યક્તિગત રીતે મોટેથી વાચન કરાવવું.

વાચનપર્વમાં આવરી લેવાયેલાં બાળકોને દરરોજ મુખર વાચનની તક મળે એ અત્યંત જરૂરી છે. દરેક બાળક ક્રમશઃ વ્યક્તિગત રીતે નિયત સામગ્રી મોટેથી વાંચશે અને બાકીનાં બાળકો પાસે એ જ સામગ્રી હશે એટલે બાકીનાં બાળકો પોતાની પાસે એ સામગ્રી રાખશે. આના લીધે અધ્યયન સંક્રમણ સરળ બનશે. કારણ કે વાંચનાર બાળક અને બાકીનાં બાળકોની સામગ્રી એક જ છે તેથી વાંચનાર બાળક બોલશે ત્યારે બાકીનાં બાળકોને દૃશ્ય અને શ્રાવ્ય એમ બે પ્રકારના અનુભવો મળશે. જેથી પોતાનો વારો આવશે ત્યારે પોતે જે સામગ્રી જોઇ છે અને સાંભળી છે એ જ સામગ્રીને જોઇને વાંચવાનું (બોલવાનું) છે.

## ૨.૫ જૂથ કાર્ય અને સહપાઠી અધ્યયન

બાળકો પોતાના સમવયસ્કો અને સહપાઠીઓની મદદથી વધુ સારી રીતે શીખી શકે છે. બાળકોની આ સ્વાભાવિક લાક્ષણિકતાનો લાભ લઇ, બાળકોને અવારનવાર જૂથ કાર્ય કરવાની તક ઉપલબ્ધ કરાવવી. જેમ કે, જૂના છાપામાંથી કોઇ એક મૂળાક્ષરથી શરૂ થતા શબ્દો શોધાવવા, પોતાના નામમાં સમાવિષ્ટ મૂળાક્ષરોવાળા શબ્દો શોધાવવાની રમત જૂથમાં રમાડવી, વિવિધ મૂળાક્ષર કાર્ડ આપીને તેમાંથી બનતા વિવિધ શબ્દો બનાવવાની રમત રમાડવી વગેરે. આવી પ્રવૃત્તિઓ દ્વારા બાળકો રમતના આનંદની સાથે પોતે શીખેલી બાબતોનો મહાવરો પણ કરી લે છે.

ધોરણ ૧ ની શિક્ષક આવૃત્તિમાં આપેલી આવી અનેકવિધ બાળકેન્દ્રી પ્રવૃત્તિઓ દ્વારા બાળકોને સતત પ્રવૃત્ત રાખીને વાચન શિક્ષણ હાથ ધરવું.

## ૨.૬ દૈનિક પુનરાવર્તન

કોઈપણ કૌશલ્ય શીખવા માટે શીખવાના તબક્કે એની વારંવારિતાનું અથવા તો પુનરાવર્તનનું ખૂબ જ મહત્ત્વ છે. વાચન પોતે એક કૌશલ્ય છે. આથી બાળક રોજ નવા નવા મૂળાક્ષરો શીખતું જાય એટલું પૂરતું નથી. નવા મૂળાક્ષરો શીખતાં પહેલાં અગાઉ શીખેલા મૂળાક્ષરો દ્વારા બનતા શબ્દો-વાક્યોનું વાચન કરે એ જરૂરી છે. અગાઉ શીખેલી બાબતોનું નિયમિત દૃઢીકરણ કરાવ્યા બાદ જ નવા મૂળાક્ષરો શીખવવા.

આ માર્ગદર્શિકામાં આપવામાં આવેલ શબ્દો, વાક્યો અને ગદ્યખંડો ઉપરાંત ધોરણ-૧ ના પાઠ્યપુસ્તકમાં આપેલી વાચન સામગ્રીના ઉપયોગ દ્વારા આવું દૈનિક પુનરાવર્તન કરાવવું.

દૈનિક પુનરાવર્તન મુખ્યત્વે મુખર વાચન દ્વારા કરાવવું. દરેક બાળક મુખર વાચન કરે એ શિક્ષકે ધ્યાનથી સાંભળવું અને બાળકની ભૂલ થાય તો સુધારવી. બાળક દ્વારા થતી ભૂલ વિશિષ્ટ પ્રકારની હોય તો શિક્ષકે પુનઃશિક્ષણ કાર્ય હાથ ધરવું. દાખલા તરીકે 'ઘ' અને 'ધ' વચ્ચે બાળક તફાવત ન કરી શકતું હોય, 'ઠ' અને 'ઢ' વચ્ચે તફાવત ન કરી શકતું હોય, 'એ'ની માત્રા ' ે ' તથા 'ઐ' ની માત્રા ' ૈ ' વચ્ચે તફાવત ન કરી શકતું હોય.... વગેરે જેવી ભૂલો ધ્યાનમાં આવે તો શિક્ષકે સૌપ્રથમ બાળકની આવી ભૂલો માટેનું ઉપચારકાર્ય હાથ ધરવું અને પછી જ નવા મૂળાક્ષર, નવી સ્વર સંજ્ઞા વગેરે શીખવવાં.

**ધ્યાન રહેઃ મુખર વાચનની મર્યાદિત સામગ્રીનો જ ઉપયોગ કરવામાં આવે તો બાળકો પોતાની શ્રવણ શક્તિથી પણ એ યાદ રાખી લે એ શક્ય છે. દાખલા તરીકે પાંચ કે દસ લીટીનો એક જ પેરેગ્રાફ બધાં બાળકોને વારંવાર વંચાવીએ તો શક્ય છે મોટાભાગનાં વાક્યો બાળકોને ગોખાઇ જાય. એટલે આ જ પેરેગ્રાફ બાળકને વાંચવાનો આવે ત્યારે તે સાંભળેલી બાબતોને આધારે બોલી જાય અને શિક્ષકને લાગે કે બાળકને વાંચતાં આવડી ગયું! આવું ન થાય એ માટે મુખર વાચનની સામગ્રી વૈવિધ્યપૂર્ણ હોવી જોઇએ.**

# ૩. અધ્યયન-અધ્યાપન સામગ્રી

બાળક કેવી રીતે શીખે છે એ અંગેની વિગતોમાં આપણે જોઇ ગયાં છીએ કે બાળક મૂર્ત વસ્તુઓના ઉપયોગથી અને પ્રવૃત્તિ દ્વારા વધુ શીખે છે તથા એક સાથે વધુ જ્ઞાનેન્દ્રિયોના ઉપયોગથી પણ સારી રીતે શીખે છે. આનો સૂચિતાર્થ એ પણ છે કે બાળકોને વાંચતાં શીખવવા માટે આપણે એવા અધ્યયન અનુભવો પૂરા પાડવા જોઇએ કે જેમાં બાળકોએ મહત્તમ રીતે મૂર્ત વસ્તુઓ સાથે કામ કરવાનું આવે, આપણે એવી પ્રવૃત્તિઓ કરાવવી જોઇએ કે જેનાથી બાળકને પૂરતા દૃશ્ય શ્રાવ્ય અનુભવો મળી રહે.

વાચન પર્વ અંતર્ગત વાપરી શકાય તેવી ઘણી બધી સામગ્રી શાળામાં ઉપલબ્ધ છે. આ ઉપલબ્ધ સામગ્રીનો યોગ્ય ઉપયોગ કરવામાં આવે તો પણ બાળકો માટે વાચન શિક્ષણ સરળ બની શકે એમ છે.

## ૩.૧ ધોરણ ૧ અને ૨ નાં પાઠ્યપુસ્તકો અને શિક્ષક આવૃત્તિઓ

ઘણાં વર્ષોથી આપણી પાસે શૈક્ષણિક રીતે ખૂબ જ સમૃધ્ધ કહેવાય એવી ધોરણ ૧ અને ૨ ની શિક્ષક આવૃત્તિઓ છે. વાચન શિક્ષણ માટેની અધ્યાપન સામગ્રી અને સંદર્ભ સાહિત્ય (ગીત, વાર્તા, પ્રવૃત્તિઓનું વર્ણન, અધ્યયન અધ્યાપન સામગ્રીની યાદી વગેરે) એમાં નિર્દિષ્ટ કરેલી છે. આ ઉપરાંત, બાળકોની પાઠ્યસામગ્રી પણ ઉત્તમ સામગ્રી છે. ઉપર જોઇ ગયાં તેમ વાચન શિક્ષણ માટે શીખવવાના થતા મૂળાક્ષરોની ક્રમિકતા, મૂળાક્ષર દ્વારા બનતા શબ્દો-વાક્યો-પેરેગ્રાફ વગેરે ધોરણ ૧-૨ નાં પાઠ્યપુસ્તકોમાં આપલાં છે. જે બાળકને બિલકૂલ વાંચતાં ન આવડતું હોય તેના માટે તો ધોરણ ૧ નું પાઠ્યપુસ્તક જેમનું તેમ ક્રમિક રીતે શીખવું જરૂરી બની રહે છે. જે બાળકોને કેટલુંક આવડે છે અને કેટલીક વિગતો વાંચવામાં તકલીફ પડે છે તેઓ માટે પણ આ પાઠ્યપુસ્તકમાં આપેલી જે તે મૂળાક્ષરો આધારિત સામગ્રી ઉપયોગી થઇ શકે એમ છે.

## ૩.૨ અર્લી રીડર્સ (એસ.એસ.એ. દ્વારા આપવામાં આવેલો ૧૯ પુસ્તિકાઓનો સેટ)

સર્વ શિક્ષા અભિયાન દ્વારા અમલીકૃત પ્રજ્ઞા કાર્યક્રમ અંતર્ગત તૈયાર થયેલ ૧૯ અર્લી રીડર્સનો સેટ વર્ષ ૨૦૧૧-૧૨ દરમ્યાન (બીજા સત્રમાં) આખા રાજ્યમાં ધોરણ ૧ અને ૨ નાં બાળકોની સંખ્યાના પ્રમાણમાં આપવામાં આવેલો છે. આ અર્લીરીડર્સમાં નિશ્ચિત મૂળાક્ષર આધારિત શબ્દો અને વાક્યો તેમજ પેરેગ્રાફ છે જે બાળકોને ક્રમશઃ વાચન શીખવામાં મદદરૂપ બને એમ છે. તેથી સમગ્ર અભિયાન દરમિયાન દરેક શાળામાં આ અર્લી રીડર્સનો ઉપયોગ કરવો.

જરૂર જણાયે વધારાની સામગ્રી જેવી કે મૂળાક્ષર કાર્ડ, શબ્દ કાર્ડ, વાક્ય કાર્ડ વગેરેનો પૂરતો ઉપયોગ કરવો.

## ૩.૩ દૃશ્ય શ્રાવ્ય સામગ્રી

વાચન શિક્ષણ માટે ઉપલબ્ધ સીડી કે કોમ્પ્યુટર પ્રોગ્રામનો પણ ઉપયોગ કરી શકાય. આવી સામગ્રી એનીમેટેડ હોય તો વધુ સારું. માત્ર કાગળ પરના મૂળાક્ષરો કોમ્પ્યુટરના પડદા પર દેખાય એમ નહીં પરંતુ મૂળાક્ષરો અને શબ્દો સાથેનું સંદર્ભચિત્ર હલનચલન પણ કરી શકે એ પ્રકારની સામગ્રી હોવી જોઇએ. આવી એનીમેટેડ સામગ્રીમાં બાળકોને રસ પડે છે એટલે વધુ સક્રિયતાથી અધ્યયન અધ્યાનપ પ્રક્રિયામાં જોડાય છે.

### વિશેષ નોંધ:

આપણે જાણીએ છીએ એ મુજબ બાળકોને ગીત, વાર્તા, સર્જનાત્મક પ્રવૃત્તિઓ, તરાહની પ્રવૃત્તિઓ વગેરે ખૂબ ગમે છે. આવી બાળકેન્દ્રી પ્રવૃત્તિઓના ઉપયોગ દ્વારા થતું વાચન શિક્ષણ બાળકો માટે આનંદદાયી અને ફળદાયી બનશે. ધોરણ ૧ ના પાઠ્યપુસ્તકમાં તેમજ શિક્ષક આવૃત્તિમાં નિશ્ચિત મૂળાક્ષર આધારિત ગીત, વાર્તા વગેરે પ્રવૃત્તિઓ આપેલી છે. જેમ કે, ‘અજબ જેવી વાત છે’ ગીતમાં ગ, મ, ન અને જ મૂળાક્ષરો વારંવાર આવે છે. આમ, પાઠ્યપુસ્તક અને શિક્ષક આવૃત્તિમાં આપવામાં આવેલી આ પ્રવૃત્તિઓનો ઉપયોગ કરવો.

# ૪. હેન્ડ હોલ્ડિંગ અને મોનિટરિંગ

વાચન પર્વ કાર્યક્રમ ગુજરાત સરકારના શિક્ષણ વિભાગનો કાર્યક્રમ છે તેથી શિક્ષણ વિભાગ સાથે સંકળાયેલ કચેરીઓના તમામ અધિકારી અને કર્મચારી જરૂરિયાત મુજબ આ કાર્યક્રમના મોનિટરિંગમાં જોડાશે. આ કાર્યક્રમના અમલીકરણમાં વર્ગખંડમાં થતી અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા જેટલું જ મહત્ત્વ કાર્યક્રમના મોનિટરિંગનું પણ છે. કારણ કે બાળકોને વાંચતાં ન આવડવાનાં ઘણાં કારણો પૈકી એક મુખ્ય કારણ એ પણ ધ્યાન પર આવ્યું છે કે 'નિયત અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા થતી નથી અને અધ્યયન-અધ્યાપન સામગ્રીનો ઉચિત ઉપયોગ થતો નથી'. એટલે કે પાઠ્યપુસ્તક આધારિત શિક્ષક આવૃત્તિમાં આપેલા નિર્દેશ મુજબ અથવા તો તાલીમ મુજબ ભણાવાતું નથી. આમ શિક્ષક આવૃત્તિ, તાલીમ સામગ્રી વગેરેનો યોગ્ય ઉપયોગ સુનિશ્ચિત કરવા માટે સઘન મોનિટરિંગ અનિવાર્ય છે.રાજ્ય, જિલ્લા અને તાલુકા સ્તરની સંબંધિત કચેરીઓ આ કાર્યક્રમના મોનિટરિંગ અને હેન્ડ હોલ્ડિંગ અંતર્ગત નીચે મુજબનું આયોજન કરશે.

- વાચન પર્વની માર્ગદર્શિકા દરેક શિક્ષકને મળે એ રીતે ડાયેટ દ્વારા કેળવણી નિરીક્ષક, બીઆરસી-સીઆરસી કો-ઓર્ડિનેટર્સ તથા બ્લોક રિસોર્સ પર્સન્સ દ્વારા દરેક શિક્ષક સુધી પહોંચાડવામાં આવશે. મોનિટરિંગ અને હેન્ડ હોલ્ડિંગ દરમ્યાન આ પરિપત્ર તેમજ માર્ગદર્શિકાની ઉપલબ્ધતા તથા ઉપયોગ વિશે પણ જોવામાં આવશે.

- શાળાના મુખ્યશિક્ષક સૌપ્રથમ મદદકર્તા છે. એટલે શાળાના મુખ્યશિક્ષકે પોતાની શાળાના ધોરણ ૨ થી ૫ ના વર્ગોમાં વાચન પર્વની કામગીરી નિયમિત રીતે અને સુચારુ રીતે થાય તે સુનિશ્ચિત કરવું. તેમજ શિક્ષકની વિશિષ્ટ જરૂરિયાતો હોય (જેમ કે વધારાની અધ્યયન-અધ્યાપન સામગ્રી બનાવવા માટે નાણાંકીય જરૂરિયાત) તો તે સંતોષવી.

- શાળાના મુખ્યશિક્ષકે નિયમિત રીતે જે તે વર્ગશિક્ષકો સાથે ચર્ચા કરીને વાચન પર્વ અંગે થયેલી રોજેરોજની કામગીરીની સમીક્ષા કરવી.

- બહારથી જનાર અધિકારી/કર્મચારીએ હેન્ડ હોલ્ડિંગ માટે શાળામાં જઈને શિક્ષકોને જરૂરી માર્ગદર્શન પૂરું પાડવું.

- દરેક શાળાનું દર સપ્તાહે ઓછામાં ઓછું બે વાર બહારના મુલાકાતી દ્વારા હેન્ડ હોલ્ડિંગ થાય જ એવું આયોજન કરવું.

- શાળાની મુલાકાત લેનાર મુલાકાતી શિક્ષકને સીધું શૈક્ષણિક માર્ગદર્શન ન આપી શકે તો પણ શિક્ષકની શૈક્ષણિક સમસ્યા જે તે જિલ્લાના ડાયેટ પ્રાચાર્ય સમક્ષ રજૂ કરવી. શિક્ષકને

પોતાની શૈક્ષણિક સમસ્યા અંગેનું માર્ગદર્શન મળી રહે તેવી વ્યવસ્થા ડાયેટ પ્રાચાર્ય દ્વારા કરવી.

- આ ઉપરાંત વાચન પર્વ અંતર્ગત યોજાનાર ટેલિકોન્ફરન્સ દરમ્યાનની પ્રશ્નોત્તરી દ્વારા પણ શૈક્ષણિક સમસ્યાઓનું સમાધાન મેળવવું.

- મોનિટરિંગમાં સીઆરસી-બીઆરસી કો-ઓર્ડિનેટર્સ, બીઆરપી કો-ઓર્ડિનેટર્સ, કેળવણી નિરીક્ષક, ડાયેટ વ્યાખ્યાતા, સર્વ શિક્ષા અભિયાનના જિલ્લા પ્રોજેક્ટ કચેરીના ઓ.આઇ.સી., જીસીઈઆરટી, પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી, સ્ટેટ પ્રોજેક્ટ ઓફિસ, પાઠ્યપુસ્તક મંડળ વગેરે કચેરીઓના અધિકારીઓ, શિક્ષણ વિભાગના અધિકારીશ્રીઓ વગેરે તમામનો સમાવેશ મોનિટરિંગ ટીમમાં કરવો.

- દરેક સીઆરસી-બીઆરસી કો-ઓર્ડિનેટર્સ, બ્લોક રિસોર્સ પર્સન્સ તેમજ કેળવણી નિરીક્ષકોને વાચન પર્વ અંતર્ગત હેન્ડ હોલ્ડિંગ અને મોનિટરિંગ માટે નિશ્ચિત સંખ્યામાં શાળાઓ ફાળવવી. જિલ્લાના એસ.એસ.એ. કચેરીના કો-ઓર્ડિનેટર્સ તેમજ ડાયેટના વ્યાખ્યાતાઓને પણ નિયત સંખ્યામાં શાળાઓ ફાળવવી.

- રાજ્ય સ્તરના અધિકારીઓને એક-એક જિલ્લાની જવાબદારી સોંપવામાં આવશે. આ લિએજન (Liaison) અધિકારીઓ તેમને ફાળવવામાં આવેલા જિલ્લાની દર સપ્તાહે એક વાર (ઓછામાં ઓછા બે દિવસ માટે) મુલાકાત લેશે.

- દરરોજ મોનિટરિંગ દરમ્યાન ધ્યાન પર આવેલ પ્રશ્નો/સમસ્યાઓનું નિરાકરણ લાવવાના ઉદ્દેશથી જિલ્લા સ્તરે ડાયેટ પ્રાચાર્ય, જિલ્લા શિક્ષણાધિકારી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની એક સમિતિ બનશે. આ સમિતિ દરરોજ સાંજે મળશે અને પોતાના જિલ્લામાં થઇ રહેલી કામગીરીની દૈનિક સમીક્ષા કરશે અને સમસ્યાઓનું નિરાકરણ લાવશે.

- આ વાચન પર્વ દરમ્યાન મોનિટરિંગમાં જનાર દરેક અધિકારી/કર્મચારી રાજ્ય સરકારના શિક્ષણ વિભાગના પ્રતિનિધિ તરીકે જશે. મોનિટરિંગ કરનારના ધ્યાનમાં કોઇક વહીવટી મુશ્કેલી આવે તો તે તરત જ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના પ્રાચાર્ય અથવા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીનું ધ્યાન દોરશે અને જે તે દિવસે સાંજે મળતી જિલ્લા સ્તરીય સમિતિમાં આ પ્રશ્નની ચર્ચા કરી નિરાકરણ લાવવામાં આવશે. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી જે તે શાળાના શિક્ષક કે મુખ્ય શિક્ષક કે કેળવણી નિરીક્ષકને જરૂરી સૂચના આપી સુધારાત્મક કાર્યવાહી કરશે.

- જિલ્લા કક્ષાએ થયેલી પ્રગતિ અને લેવાયેલાં પગલાં અંગે જે તે ડાયેટ પ્રાચાર્ય/જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી પોતાના જિલ્લા માટે નિમાયેલ રાજ્યકક્ષાના લિએજન (Liaison) અધિકારીને જાણ કરશે.

- લાયેઝન ઓફિસરની રાજ્ય કક્ષાએ સાપ્તાહિક બેઠક દર શુક્રવાર અથવા શનિવારે મળશે.

- મોનિટરિંગ અને હેન્ડ હોલ્ડિંગ માટે થનારા ઉપરોક્ત પ્રયાસો પછી વાચન પર્વના અંતે થર્ડ પાર્ટી દ્વારા મૂલ્યાંકન હાથ ધરવામાં આવશે. વાચન પર્વને અંતે વાચનમાં કોઇ બાળકની કચાશ જણાશે તો તેની જવાબદારી જે તે વર્ગશિક્ષકની રહેશે. અને સમગ્ર શાળામાં વાચનમાં કાચાં રહી ગયેલાં બાળકો માટેની જવાબદારી જે તે મુખ્યશિક્ષકની રહેશે. આ જ રીતે ક્લસ્ટરની જવાબદારી નિયત કરવામાં આવશે.

- વાચન શિક્ષણમાં કાચાં રહી જતાં બાળકો માટેની જવાબદારી અને આનુસંગિક પગલાં નિયત કરતી વખતે શિક્ષકે કરેલા પ્રયાસોને પણ ધ્યાનમાં રાખવામાં આવશે. એટલે કે સ્થળાંતર જેવાં અનિવાર્ય કારણોસર સતત ગેરહાજર રહેતાં બાળકો સિવાયનાં તમામ બાળકોની અભિયાન પહેલાંની, અભિયાન દરમ્યાન અને અભિયાન પછીની હાજરીની પણ ચકાસણી કરવામાં આવશે. અભિયાન દરમ્યાન બાળક હાજર રહે તે માટે શિક્ષકે/મુખ્યશિક્ષકે/સીઆરસી કો-ઓર્ડિનેટરે કરેલા પ્રયાસોની પણ ચકાસણી કરવામાં આવશે. જે તે શિક્ષક/મુખ્યશિક્ષક/સીઆરસી કો-ઓર્ડિનેટર દ્વારા થનારા પ્રયાસમાં ઉણપ હશે તો જે તે વ્યક્તિની જવાબદારી નિયત કરવામાં આવશે.

આપણી શાળામાં બાળકને ભણવા માટે મોકલનાર વાલી અને સમગ્ર સમાજ એટલી અપેક્ષા તો રાખે જ કે બાળકો વાંચી-લખી શકે. વાલી અને સમાજની આ તદ્દન વાજબી અપેક્ષા પૂર્ણ કરવાની જવાબદારી શિક્ષણતંત્ર તરીકે આપણા સૌની છે તેથી જ વાચન પર્વનું અમલીકરણ આપણા સૌના સહિયારા પ્રયાસોથી હાથ ધરવામાં આવ્યું છે. વાચન પર્વ બાદ થર્ડ પાર્ટી દ્વારા થનારું મૂલ્યાંકન આપણા સૌનો ઉત્સાહ વધારનારું જ હશે એવી અપેક્ષા છે. તેમ છતાં, શાળાથી લઈને રાજ્ય સ્તરના કોઇપણ કર્મચારી/અધિકારીની અકર્મણ્યતા કે બેદરકારીને લીધે એક પણ બાળક વાચનમાં કાચું ન રહી જાય તેની નોંધ સંબંધિત તમામ કચેરીઓએ લેવાની રહેશે.

વાચન પર્વ વિશે જરૂર જણાયે વખતોવખત સૂચનાઓ આપવામાં આવશે તેમજ જરૂર જણાયે ટેલિકોન્ફરન્સના માધ્યમથી તાલીમનું પણ આયોજન કરવામાં આવશે. જે શાળાઓમાં ટેલિકોન્ફરન્સની સુવિધા ઉપલબ્ધ છે તે તમામ શાળાઓએ ટેલિકોન્ફરન્સ દ્વારા યોજાતી તાલીમનો લાભ લેવો અને એ દરમ્યાન મળેલ માર્ગદર્શન મુજબ વર્ગકાર્ય કરવું.